# ૯. જો તમે સર્વોપરી ભગવાન હો તો

'બિંદા... બિંદા... તું તો સાવ બગડી ગયો રે... સાવ ભગતડો થઈ ગયો તું તો.'

**મધ્યપ્રદેશના ધુવા ગામે** રહેતા **બિંદા**ના કાકીએ આજે તો બિંદાને ખિજાવાનું શરૂ કર્યું હતું. વાત જાણે એમ હતી કે, બિંદો આજે કામ કરતો હતો ત્યાં ભગવાન સ્વામિનારાયણના સંતો આવી પહોંચ્યા. બિંદો ભક્તિભાવ વાળો હતો. તે સંતોને પગે લાગ્યો. સંતોએ બિંદા સાથે પ્રેમથી વાતો કરી. તેને શુદ્ધ જીવન જીવવાની અને સત્સંગ-ભક્તિ કરવાની પ્રેરણા આપી. બિંદાએ આવા નિર્મળ અને પવિત્ર જીવન જીવતા સંતો ક્યાંય જોયા નહોતા. સંતોની કથાવાર્તા સાંભળી બિંદાને સત્સંગ કરવાની ઈચ્છા જાગી. તે **વર્તમાન ધરાવી સત્સંગી** થયો. બિંદાએ હવે દરરોજ સવારે નાહી-ધોઈ ભગવાનની પૂજા કરવાનું શરૂ કર્યું. નિયમ-ધર્મ પાળવાનું શરૂ કર્યું.

પરંતુ બિંદાનું આ વર્તન તેના **કાકીને ન ગમ્યું.**

બિંદાના કાકી સ્વભાવે દુષ્ટ અને કુસંગી હતા. ભગવાનની ભક્તિ સંત સમાગમ કે કોઈપણ નિયમ ધર્મમાં માનતી નહીં. જે ભગવાનની ભક્તિ કરતા હોય તો એને ભગતડા કહીને ગાળો દેતી.

આથી બિંદો જ્યારે ભગવાનનું ભજન કરતો હોય ત્યારે એની કાકી હંમેશા બૂમો પાડતી, 'જુઓ... જુઓ... કેવો સત્સંગની પૂંછડી થઈ ગયો છે! મૂઓ એવો બગડી ગયો છે કે આખો દિવસ સ્વામિનારાયણ નામ મૂકતો નથી.'

આજે પણ ભજન કરતા બિંદાને કાકીએ કહ્યું, 'આખો દિવસ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરે છે, તે એ તારું શું સારું કરવાના છે?!' આ સાંભળી બિંદો ખૂબ દૃઢતાથી બોલ્યો, **'સ્વામિનારાયણ ભગવાન તો કલ્યાણ આપશે. તેઓ તો સર્વોપરી ભગવાન છે. તમે પણ સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરી, એમની ભક્તિ કરો. તો અંતકાળે જમના દૂતો નહીં, પણ સ્વયં સ્વામિનારાયણ ભગવાન તમને અક્ષરધામમાં લઈ જવા તેડવા આવશે.'**



પરંતુ કાકીએ બિંદાની વાત ન સાંભળી તે ન જ સાંભળી.

સમય જતા **કાકીનો અંતકાળ** નજીક આવ્યો. તેણે કરેલા પાપને કારણે **યમના દૂતો** તેને લેવા આવી પહોંચ્યા. સાક્ષાત્ મૃત્યુને સામે જોઈ કાકીના પેટમાં ફાળ પડી.

BAPS



યમના દૂતો કહે, 'ચાલ ડોશી, તારો યમપૂરીમાં આવવાનો સમય થઈ ગયો છે.'

આ સાંભળી કાકી તો ડરી ગઈ. તે તો યમદૂતોના પગે પડી ગઈ, 'મારે યમપુરીની યાતના નથી ભોગવવી. હવેથી હું ભજન-ભક્તિ કરીશ. મને છોડી દો.' પરંતુ યમદૂતોએ તેની વાત ન સાંભળી. તેઓ તો કાકીને પકડવા પાછળ પડ્યા. હવે કાકી પાસે કોઈ ઉપાય નહોતો.


ત્યાં જ તેને **બિંદાના ભગવાન યાદ આવ્યા.** તેણે શ્રીજી મહારાજને પ્રાર્થના કરતા કહ્યું, 'હે સ્વામિનારાયણ ભગવાન! **જો તમે સર્વોપરી ભગવાન હો તો મને આ જમના દૂતોથી બચાવો.**'

**શ્રીજી મહારાજ તો કોઈ જાણે-અજાણે પણ સ્વામિનારાયણ નામ લે તેનું કલ્યાણ કરે છે. એ તેઓનું વરદાન છે.** આથી કાકીએ પ્રાર્થના કરી ત્યાં તો ચમત્કાર થયો! યમના દૂતો તરત જ ત્યાંથી અદૃશ્ય થઈ ગયા. આકાશમાંથી સુંદર રથ આવ્યો. કાકીએ જોયું તો તેમાં શ્રીજી મહારાજ બિરાજમાન હતા.

કાકી મહારાજની સ્તુતિ કરતા બોલવા લાગ્યા, 'હે કૃપાનાથ! હે દયાસિંધો! તમે મારા અવગુણ ન જોયા અને મને ઉગારી. તમે તો ખરેખર સર્વોપરી ભગવાન છો. મારા ગુના માફ કરો અને મને આપના ધામમાં લઈ જાઓ.' કાકીની આંખમાંથી પસ્તાવાના આંસુ સરી પડ્યા.

શ્રીજી મહારાજે **કાકીને રથમાં બેસાડ્યા** અને ગામના સૌને તેના દર્શન થયા. શ્રીજી મહારાજની આવી અપાર કૃપાથી બિંદો પણ ખુશ ખુશ થઈ ગયો. સૌને એ વાત સમજાઈ ગઈ કે, 'ખરેખર! શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન છે.'

BAPS



# ૧૭. પર્વત જેવા અડગ



૧૩ જૂન, ૧૯૮૮ની આ વાત છે. **કેનેડા દેશની પાર્લામેન્ટમાં પ્રમુખસ્વામી મહારાજનું સન્માન** થવાનું હતું.

પાર્લામેન્ટમાં **જાહેરાત** થઈ કે, 'ભારતના મહાન સંત પ્રમુખસ્વામીજી અહીં પધાર્યા છે, આપણે તેમનું સ્વાગત કરીએ છીએ.' બધા જ સભ્યોએ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા માટે વી.આઈ.પી. ગેલેરીમાં નજર નાંખી. પણ આ શું?!

પ્રમુખસ્વામી મહારાજની બદલે એક **બીજા જ સંત ઊભા થયા.** સૌને થયું કે પ્રમુખસ્વામી મહારાજ કેમ ઊભા ન થયા?! પરંતુ પછી સૌને ખબર પડી કે પ્રમુખસ્વામી મહારાજે જ તે બીજા સંતને ઊભા કરેલા. કારણ કે **તે સંતના હાથમાં,** પ્રમુખસ્વામી મહારાજ જેમની વર્ષોથી પૂજા કરતા તેવા **શ્રી હરિકૃષ્ણ મહારાજ હતા. પ્રમુખસ્વામી મહારાજ દરેક જગ્યાએ ભગવાનને આગળ રાખતા.** આથી જ સૌ પહેલા ભગવાનનાં દર્શન કરે તે માટે પોતે ભગવાનને આગળ કર્યા.

આવી હતી પ્રમુખસ્વામી મહારાજની ભગવાન પ્રત્યેની પરાભક્તિ.

ઠાકોરજીની મૂર્તિને પ્રમુખસ્વામી મહારાજ સાક્ષાત્ ભગવાન જ માનતા!

એક વખત પ્રમુખસ્વામી મહારાજને **ચશ્માંની નવી ફ્રેમ** આપવામાં આવી. તે પણ ઠાકોરજીને ધરાવીને પછી જ પહેરી. એક વખત ઉતાવળમાં કોઈએ ઠાકોરજીને **ગરમ ગરમ શીરો** ધરાવ્યો. પ્રમુખસ્વામી મહારાજને આ જાણ થતાં જ શીરો **ઠંડો કરાવ્યો** અને ઠાકોરજીને ધરાવતાં કહે, 'મહારાજ! માફ કરજો. આપને ગરમ લાગ્યું હશે.'

BAPS

ભગવાનનાં દર્શન, દંડવત્, આરતી, કથા વગેરે ભક્તિમાં પ્રમુખસ્વામી મહારાજ શૂરા-પૂરા!

૧૬ ઓગસ્ટ ૧૯૮૯ના રોજ નડિયાદમાં પ્રમુખસ્વામી મહારાજ **બીમાર** હતા. બીમારી આવે એટલે આપણે તો સૂઈ જ રહીએ. પણ પ્રમુખસ્વામી મહારાજે સંતોને કહ્યું, 'મારે ઠાકોરજીનાં દર્શન કરવા જવું છે.'


સંતો કહે, 'બાપા! આપ બીમાર છો. માટે આરામ કરો.' પણ પ્રમુખસ્વામી મહારાજે તો પરાણે મંદિર પર જઈ **ઠાકોરજીનાં દર્શન કર્યાં.** ત્યાંથી પાછા વળતાં **સભા** ચાલુ જોઈ ત્યાં જવા લાગ્યા. સંતો કહે, 'બાપા! આપ સભામાં નહીં આવો તો ચાલશે.'

ત્યાં તો પ્રમુખસ્વામી મહારાજ આકળા થઈને કહે, 'તમે મને હરિભક્તોને મળવાની ના પાડો, **ઠાકોરજીનાં દર્શનની ના પાડો, તો મારે જીવવું કેમ?!'**

૧૫ સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ પ્રમુખસ્વામી મહારાજ અમેરિકાના સાનહોઝે શહેરમાં ઠાકોરજીનાં દર્શને પહોંચ્યા. આગલા દિવસે તેમના **પગના અંગૂઠાનું નાનું ઓપરેશન** કરવામાં આવ્યું હતું. અંગૂઠામાં ખૂબ જ દુખાવો થતો હતો. તેમ છતાં પ્રમુખસ્વામી મહારાજ મંદિરમાં દર્શન કરીને **દંડવત્ કરવા લાગ્યા.** દંડવત્ કરવામાં તો અંગૂઠો જમીનને અડે જ! પરંતુ તેમ છતાં પ્રમુખસ્વામી મહારાજ તો દંડવત્ કરતા જ રહ્યા.

અંતે સાથે રહેલા એક સંતે પ્રમુખસ્વામી મહારાજના પગને અદ્ધર પકડી રાખ્યો, જેથી અંગૂઠો જમીનને ન અડે.

**આવા હતા પ્રમુખસ્વામી મહારાજ!**
**ભગવાનની ભક્તિમાં પર્વત જેવા અડગ!**



# ૩૫. ગાગરમાં સાગર : સત્સંગદીક્ષા

કહેવાયું છે કે, 'પુસ્તકો આપણાં સાચાં મિત્રો છે.' પુસ્તકો આપણને ઘણું બધું શીખવે છે.

પરંતુ દુનિયામાં આજ સુધી કરોડો પુસ્તકો લખાયેલા છે અને હજુ પણ અનેક પુસ્તકો લખાઈ રહ્યા છે.

આ બધાં પુસ્તકોમાં ક્યાંક ફક્ત માહિતી છે, ક્યાંક સમાચાર છે, ક્યાંકથી માત્ર મનોરંજન જ મળે છે, તો ક્યાંક ફક્ત અભ્યાસની જ વાત છે... આ બધાં પુસ્તકોમાંથી આપણું જીવન ઘડતર કરે એવાં પુસ્તકો કેટલાં ? જીવનમાં શું કરવું અને શું ન કરવું એ વાત શીખવે એવા ગ્રંથો કેટલા ?

શું આટલા બધાં પુસ્તકોમાંથી આપણે જીવનના ઘડતરની વાતો શોધી શકીએ ?!

ના! એ તો સાવ અશક્ય જ છે!

પણ જો કોઈ એવો ગ્રંથ મળી જાય કે જેમાંથી આપણને સુખી થવા માટે જીવનમાં શું કરવું અને શું ન કરવું તેની વાત મળી જાય તો?! ગાગરમાં સાગર સમાઈ જાય તો ?! તો તો કેટલું સહેલું બની જાય! બરાબર ને ?

ગુરુહરિ મહંતસ્વામી મહારાજે આવાં અનેક પુસ્તકો, ગ્રંથો અને શાસ્ત્રોનો સાર સમાવી લઈને આપણને એવા જ એક મહાન ગ્રંથની ભેટ આપી છે...

**જીવનમાં શું કરવું અને શું ન કરવું એ અંગેની બધી જ વાતો મહંતસ્વામી મહારાજે એક નાનકડા ગ્રંથમાં લખીને આપી દીધી છે!**


**આ ગ્રંથનું નામ છે - 'સત્સંગદીક્ષા'.**

'સત્સંગદીક્ષા' ગ્રંથ એટલે આપણને સૌને ગુરુહરિ મહંતસ્વામી મહારાજે આપેલી અદ્ભુત ભેટ!

આ ગ્રંથ ગુરુહરિ મહંતસ્વામી મહારાજે ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ એટલે કે **વસંત પંચમીના શુભ દિવસે નવસારી મુકામે** લખવાનો **પ્રારંભ** કર્યો. રોજના ૨-૨ કલાક સુધી બેસી તેઓ આ ગ્રંથ લખતા.

**કુલ ૬૪ દિવસ** સુધી ગ્રંથ લેખન કરી તારીખ ૨ એપ્રિલ ૨૦૨૦ (ચૈત્ર સુદ નોમ) એટલે કે **ભગવાન સ્વામિનારાયણના જન્મદિવસે નેનપુર ખાતે** તેમણે 'સત્સંગદીક્ષા' ગ્રંથ **પૂર્ણ** કર્યો.

ગુરુહરિ મહંતસ્વામી મહારાજે **ગુજરાતી ભાષામાં** આ ગ્રંથ લખ્યો. જેનું **સંસ્કૃત ભાષાંતર મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ** કર્યું છે. આ ઉપરાંત હિન્દી, અંગ્રેજી, પંજાબી, બંગાળી, ચાઈનીઝ, રશિયન, ફ્રેન્ચ જેવી ઘણી ભાષાઓમાં આ ગ્રંથનો અનુવાદ થઈ ચૂક્યો છે.






આ ગ્રંથમાં ભગવાન સ્વામિનારાયણથી લઈ આપણા ગુણાતીત ગુરુઓએ આપેલી **આજ્ઞા અને ઉપાસનાની વાતો ૩૧૫ શ્લોકમાં** લખાયેલી છે.
સાથોસાથ સત્સંગદીક્ષા ગ્રંથમાં ચોરી ન કરવી, હિંસા ન કરવી, મનુષ્ય જન્મનો હેતુ, ગુરુભક્તિની રીત, સત્સંગની રીત, આજ્ઞાપાલનની રીત, વાણીવિવેક, ટી.વી-મોબાઈલનો વિવેક, કુસંગ ત્યાગ વગેરે વિષયો સમાવવામાં આવેલ છે.

**શ્લોક નં. ૨૦૯ થી ૨૧૨માં બાળકો અને બાલિકાઓ શું કરવું તેની વાત મહંતસ્વામી મહારાજે કરી છે.**

ગુરુહરિ મહંતસ્વામી મહારાજે આ ગ્રંથ માટે કહ્યું છે...

- શ્રીજી મહારાજ અને ગુરુપરંપરાના મનમાં જે હતું એ જ સત્સંગદીક્ષામાં લખાયું છે.
- સત્સંગદીક્ષા શાસ્ત્રએ મહારાજનું સ્વરૂપ છે.
- સત્સંગદીક્ષા શાસ્ત્રની હજારો તુલા કરીએ તોપણ ઓછી છે.

‘સત્સંગદીક્ષા’નો આવો મહિમા કહીને ગુરુહરિ મહંતસ્વામી મહારાજે બાળકો-બાલિકાઓ, કિશોરો-કિશોરીઓ અને યુવકો-યુવતીઓને સત્સંગદીક્ષાના **મુખપાઠની આજ્ઞા** પણ કરી અને તેનો મહિમા પણ અનેક વખત કહ્યો...

- સત્સંગદીક્ષા ગ્રંથ જે વાંચશે, મુખપાઠ કરશે તેની મોક્ષમાર્ગે ગતિ થશે.
- સત્સંગદીક્ષાનો મુખપાઠ = અક્ષરધામ.

તો ચાલો, આપણે સૌ આ ગ્રંથનો મુખપાઠ કરવા કટિબદ્ધ થઈએ અને સ્વામીબાપાને રાજી કરીએ.

BAPS

